સંદેશ તા. ૦૭/૧૨/૨૦૨૧

MGVCL

# ગુજરાત વિદ્યુત નિયમન આયોગ,

**છઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સિટી,**
**ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ની સમક્ષ**

# મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ

## જાહેર વિજ્ઞપ્તિ

**નીચેના સંદર્ભમાં :**

ઉપરોક્ત અરજદાર મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, રજી. & કોર્પોરેટ ઓફીસ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા- ૩૯૦૦૦૭ દ્વારા કેસ નં.૨૦૩૦/૨૦૨૧ થકી નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુ-અપ તથા વર્ષ ૨૦૨૨-૨૩ માટે વાર્ષિક રાજસ્વની જરૂરીયાત મંજૂર કરવા અને વીજદર નક્કી કરવાની દરખાસ્ત ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (બહુવર્ષીય ટેરીફ) વિનિયમનો, ૨૦૧૬ તેમજ વખતોવખતની માર્ગદર્શિકા અને નિર્દેશોને આધીન કરેલ છે.

**અરજદાર :**

મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ (એમજીવીસીએલ), રજી. & કોર્પોરેટ ઓફીસ, સરદાર પટેલ વિદ્યુત ભવન , રેસકોર્સ, વડોદરા - ૩૯૦૦૦૭ એ રાજ્યના મધ્ય ક્ષેત્રમાં વીજ વિતરણની કામગીરી સંભાળતી કંપની છે.

**દરખાસ્ત :**

કંપની દ્વારા બહુવર્ષીય વીજદર નિયમનો હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રૂ-અપ તથા વર્ષ ૨૦૨૨-૨૩ માટે વાર્ષિક રાજસ્વની જરૂરીયાત મંજૂર કરવા અને વીજદર નક્કી કરવાની દરખાસ્ત કરેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે હયાત વિજદરમાં કોઈ ફેરફાર સૂચવેલ નથી. વર્ષ ૨૦૨૨-૨૩ ની આવક અંદાજવા માટે એફપીપીપીએ નો બેઝ રેટ રૂ.૧.૮૦ પ્રતિ યુનિટ આકારવા સૂચવેલ છે.

**સુચનો/વાંધાઓ રજૂ કરવાની માર્ગદર્શિકા :**

ઉપરોક્ત બાબતે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) જાહેરનામું ૨૦૦૪ ની જોગવાઈની રૂએ આથી સબંધિત વ્યક્તિઓ/સંસ્થાઓ વિગેરે પાસેથી ઉપરોક્ત દરખાસ્ત પરત્વે સૂચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની કચેરીમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટ સિટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ને તારીખ ૦૬.૦૧.૨૦૨૨ સુધીમાં પ્રમાણિત મુસદા પ્રમાણે સોગંદનામું કરીને પાંચ નકલમાં મોકલી આપવાની રહેશે તથા તેની એક નકલ નીચે સહી કરનારને પહોચતી કરવાની રહેશે. સૂચનો/વાંધાઓ નોધાવનાર પક્ષકારોએ તેમની રજૂઆતો સાથે સંબંધિત પ્રમાણભૂત દસ્તાવેજો પણ રજૂ કરવાના રહેશે અને તેઓએ રૂબરૂ રજૂઆત કરવા ઈચ્છે છે કે કેમ તે દર્શાવવાનું રહેશે.

દરખાસ્તની નકલ મેળવવા માટે: ઉપરોક્ત દરખાસ્તની નકલો મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, રજી. & કોર્પોરેટ ઓફીસ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા - ૩૯૦૦૦૭ ની વડી કચેરીમાંથી વિશેષ મુખ્ય ઈજનેર (આર અને સી ) પાસેથી અથવા તો મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડની અધિક્ષક ઈજનેર વર્તુળ કચેરીમાં રૂ.૨૦૦/- (રૂ. બસ્સો પુરા) પ્રતિ નકલ ભરપાઈ કરવાથી મળી શકાશે. ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂ. ૫૦/- (રૂ. પચાસ પુરા) વધારાના સહિતની રકમ ડીમાન્ડ ડ્રાફ્ટથી મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના નામે મોકલવાના રહેશે. ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબ સાઈટ WWW.guvnl.com તથા www.mgvcl.com ઉપરથી પણ મેળવી શકાશે.

સ્થળ: વડોદરા
તારીખ : ૦૭/૧૨/૨૦૨૧

(તુષાર ભટ્ટ) IAS
MD (MGVCL)